**સુરતના મહેરબાન ૮માં એડી.જયુડીશ્યલ.મેજીસ્ટ્રેટ.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં, મુ. સુરત**

**ક્રિમીનલ કેસ નં.૨૫૬૭૫/૨૦૨૦**

**આંક:–**

**<u>–: ચુકાદો :–</u>**

આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૪,૫ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપીની જુગારધારા કલમ–૪,૫ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીઓ એ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપી એ દાવની રોકડ રકમ અંગે નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપી નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીઓ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લીધી તથા નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વી.નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જીએલઆર પાના નં ૭૦૯ વાળા ચુકાદામા જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામા જણાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સીધ્ધાંતને ઘ્યાને રાખતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામા આવે અને તેને યોગ્ય દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય જેથી ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપી નં ૩ અને ૧૦ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**<u>–: હુકમ :–</u>**

આરોપી નં.૧) શકીલ ગેસ સૈયદ, ૨) નાઝીર મજીદ સૈયદ ૩)ઈકબાલ યાકુબ સૈયદ ૪) આસીફ મખબુલ શેખ ,૫) જાવેદ રઉફ શેખ,૬) ફરીદ છોટુ પટેલ ૭)અશરફ દાદામીયા પીંજારી ૮) અકબર ઈર્શાદ દેશમુખ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ– ૪,૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૮૦૦/– (અંકે રૂપિયા આઠસો પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

મુદામાલ દાવની રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે જો મુદામાલ કોર્ટમા જમા ન હોય તો પો.સ્ટેમા સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે. બાકીનો બીનકીમતી મુદામાલ અપીલ સમય વીત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓએ કોઈ કીમતી મુદામાલ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામા આવે છે અને જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે પો.ટેના પી.આઈ શ્રી એ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમા જમા કરવી.

આજ તારીખ–૧૩–મી, માહે–ઓગસ્ટ, સને–૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૩/૦૮/૨૦૨૨
સ્થળ : સુરત

(કુ.શ્રધ્ધા.એન ફાળકી)
આઠમા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત
**CODE NO.001579**